# ફ્લેક્સ ફ્યુઅલથી ચાલતાં વાહનો આવી ગયાં છે

**ટાઈમ લાઈન**
**સંજય વોરા**

દર મહિને ભારત લાખો બેરલ ક્રૂડ ઓઈલની આયાત કરે છે, જેનો ઉપયોગ પેટ્રોલ અને ડિઝલસંચાલિત વાહનો ચલાવવા માટે થાય છે. આ વ્યવસ્થાને બદલવા માટે દેશમાં પહેલીવાર ફ્લેક્સ ફ્યુઅલ દ્વારા સંચાલિત વાહનો લોન્ચ કરવામાં આવ્યાં છે, જે દેશમાં વધુ એક સ્વચ્છ ટેકનોલોજીવાળા ફ્યુઅલનો વિકલ્પ પ્રદાન કરે છે. મારુતિએ તાજેતરમાં ભારતમાં ફ્લેક્સ-ફ્યુઅલ વેગન આર રજૂ કરી, જ્યારે હીરો મોટોકોર્પે આ ઈંધણ દ્વારા સંચાલિત સ્પ્લેન્ડર પ્લસ અને એચએફ ડિલક્સ મોટરસાયકલો લોન્ચ કરી. શું આ ટેકનોલોજી ફાયદાઓ આપશે કે તેના ગેરફાયદા વધુ હશે?

ફ્લેક્સ ફ્યુઅલથી વાહનો ચલાવવાનો સૌથી મોટો ફાયદો એ થશે કે તે દેશમાં વાહનોના પ્રદૂષણને ઘટાડી શકે છે. ફ્લેક્સ ફ્યુઅલનો બીજો ફાયદો એ થશે કે આ ફ્યુઅલના ઉપયોગથી દેશમાં ક્રૂડ ઓઈલની માંગ ઘટશે અને તેને ખરીદવા માટે ખર્ચાતા ડોલર બચાવી શકાશે.ખેડૂતોને પણ ફ્લેક્સ ફ્યુઅલનો ફાયદો થશે, કારણ કે આ ફ્યુઅલ શેરડીના રસમાંથી બનાવવામાં આવે છે.સામાન્ય માણસને પણ આ ઈંધણથી ઘણો ફાયદો થશે, કારણ કે જ્યારે ફ્લેક્સ ઈંધણનો ઉપયોગ મોટા પાયે થશે, ત્યારે તેની કિંમત પણ ઓછી થશે, જેના કારણે પેટ્રોલ પરનો ખર્ચ ઓછો થઈ શકશે.

ફ્લેક્સ ફ્યુઅલનો સૌથી મોટો ગેરલાભ તેની ઈંધણ કાર્યક્ષમતા છે. નિયમિત ઈંધણથી ચાલતાં વાહનોની તુલનામાં ફ્લેક્સ ફ્યુઅલથી ચાલતાં વાહનોના માઈલેજમાં ૧૫ થી ૨૦ ટકાનો ઘટાડો અનુભવી શકે છે. આનું કારણ એ છે કે ઈથેનોલમાં ગેસોલિન કરતાં ઓછી ઉર્જા ઘનતા હોય છે. ફ્લેક્સ ફ્યુઅલ એન્જિનના જીવનને પણ અસર કરી શકે છે. આ પ્રકારનાં ઈંધણ પર ચાલતાં વાહનોમાં પાઈપ અને રબર સીલ જેવા ભાગો વધુ ઝડપથી ઘસાઈ શકે છે. ફ્લેક્સ ફ્યુઅલ જેવા ઈંધણનો ત્રીજો ગેરલાભ વાહનોની કિંમત છે.

નવી ટેકનોલોજી વાહનોમાં સામેલ કરવામાં આવે ત્યારે ખર્ચમાં વધારો કરી શકે છે. આ ટેકનોલોજીથી સજ્જ વાહનો થોડાં વધુ ખર્ચાળ હોઈ શકે છે. શરૂઆતમાં ફ્લેક્સ ફ્યુઅલની ઉપલબ્ધતા પણ એક મોટો પડકાર બની શકે છે કારણ કે આ ટેકનોલોજીવાળા ફ્યુઅલ ઉપલબ્ધ થવામાં થોડા મહિના લાગી શકે છે, જેના કારણે વાહનો ચલાવવામાં સમસ્યા ઊભી થઈ શકે છે.

ભારતમાં પેટ્રોલ-ડીઝલનો ખેલ ટૂંક સમયમાં સમાપ્ત થઈ શકે છે. સરકાર હવે સંપૂર્ણપણે સ્વદેશી ઈંધણ ઈથેનોલની શક્તિ દર્શાવવા માટે તૈયાર છે. દેશની તેલ નિર્ભરતા અને મોંઘા ક્રૂડ તેલની આયાત ઘટાડવા માટે કેન્દ્ર સરકારે એક મોટો રોડમેપ તૈયાર કર્યો છે. આ અંતર્ગત આગામી બે વર્ષમાં દેશભરમાં ૧૦૦ ટકા ઈથેનોલ એટલે કે E100 ઈંધણ પૂરું પાડતાં ૫,૦૦૦ ઈંધણ સ્ટેશન ખોલવામાં આવશે . પેટ્રોલિયમ મંત્રાલયે આ મેગા યોજના અંગે ઓટોમોબાઈલ કંપનીઓ અને ઓઈલ માર્કેટિંગ કંપનીઓ (OMCs) સાથે ઉચ્ચ સ્તરીય બેઠક પણ યોજી છે. સરકારે આ યોજનાને ઝડપી બનાવવા માટે સંપૂર્ણ સમયરેખા નક્કી કરી છે.

પ્રારંભિક યોજના હેઠળ આગામી એક મહિનામાં દિલ્હી, મુંબઈ, પુણે અને નાગપુરમાં E100 ઈંધણનાં ૧૫૦ રિટેલ આઉટલેટો શરૂ કરવામાં આવશે. આગામી ૬ થી ૧૨ મહિનામાં તેનો વ્યાપ દિલ્હી-NCR, મુંબઈ, બેંગલુરુ, ચેન્નાઈ, કોલકાતા અને હૈદરાબાદ જેવાં મુખ્ય શહેરોમાં વિસ્તૃત કરવામાં આવશે અને ૫૦૦ નવા આઉટલેટો ખોલવામાં આવશે.

મારુતિ સુઝુકી, હ્યુન્ડાઇ, ટાટા મોટર્સ, ટોયોટા, મહિન્દ્રા, હીરો મોટોકોર્પ અને ટીવીએસ સહિત દેશની ઘણી અગ્રણી ઓટો કંપનીઓએ ફ્લેક્સ-ફ્યુઅલ વાહનો (FFVs) ના પ્રોટોટાઈપ પહેલાથી જ વિકસાવી દીધાં છે. ઉદ્યોગના આંતરિક સૂત્રો કહે છે કે અત્યાર સુધી E100 ફ્યુઅલ પંપના અભાવ અને તેમની કિંમત અંગે સ્પષ્ટતાના અભાવને કારણે આ વાહનોને રોકી રાખવામાં આવ્યાં હતાં.

ભારત નાણાંકીય વર્ષ ૨૦૨૬ માં ક્રૂડ ઓઈલની આયાત પર આશરે ૧૦.૯ લાખ કરોડ રૂપિયાનો ખર્ચ કરશે. ફ્લેક્સ-ફ્યુઅલ વાહનોના ઉપયોગથી આ નોંધપાત્ર ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો થશે. ઈન્ડિયન સુગર એન્ડ બાયોએનર્જી મેન્યુફેક્ચરર્સ એસોસિએશન (ISMA) ના ડિરેક્ટર જનરલ દીપક બાલાનીએ જણાવ્યું હતું કે ભારત તેની ક્રૂડ ઓઈલની જરૂરિયાતના ૮૫-૯૦ ટકા આયાત કરે છે, જ્યારે ૧૦૦ ટકા ઈથેનોલનું ઉત્પાદન સ્થાનિક સ્તરે થાય છે. આનાથી આપણા આશરે ૮ કરોડ ખેડૂતો અને ગ્રામીણ અર્થતંત્રને સીધો ફાયદો થશે. જોકે, તેમણે એમ પણ કહ્યું હતું કે આ વાહનો સામાન્ય લોકો માટે ઉપલબ્ધ કરાવવા માટે સરકારે GSTમાં રાહત જેવા કરલાભો આપવા પડશે.

ઘણા લોકોના મનમાં બીજો પ્રશ્ન ચાલી રહ્યો છે કે ઈથેનોલ શું છે? સરળ શબ્દોમાં કહીએ તો ઈથેનોલ એ શેરડી, મકાઈ અને અન્ય કૃષિ પાકોમાંથી બનેલું બળતણ છે. તેને પેટ્રોલ સાથે ભેળવીને બળતણ તરીકે ઉપયોગ કરી શકાય છે. આજે ભારતને જે બળતણ માટે હજારો કિલોમીટર દૂર તેલ ઉત્પાદક દેશો તરફ નજર રાખવી પડે છે, તે આપણાં પોતાનાં ખેતરોમાંથી પણ આવી શકે છે.




**ભારતમાં પેટ્રોલ-ડીઝલનો ખેલ ટૂંક સમયમાં સમાપ્ત થઈ શકે છે. સરકાર હવે સંપૂર્ણપણે સ્વદેશી ઇથેનોલની શક્તિ દર્શાવવા માટે તૈયાર છે.**

ઈથેનોલની વધતી માંગનો અર્થ ખેડૂતોના પાકની માંગમાં વધારો થાય છે. આનાથી તેમને તેમની આવક વધારવામાં મદદ મળી શકે છે. ઈથેનોલને પેટ્રોલ કરતાં પ્રમાણમાં સ્વચ્છ ઈંધણ માનવામાં આવે છે. તેનો ઉપયોગ પ્રદૂષણ અને કાર્બન ઉત્સર્જન ઘટાડવામાં પણ મદદ કરી શકે છે. આનો અર્થ એ છે કે ઈથેનોલ માત્ર અર્થતંત્ર અને ખેડૂતોને જ નહીં, પરંતુ પર્યાવરણને પણ ફાયદો પહોંચાડશે.

સોસાયટી ઓફ ઈન્ડિયન ઓટોમોબાઈલ મેન્યુફેક્ચરર્સ (SIAM) એ સરકારને સૂચન કર્યું છે કે E100 ઈથેનોલની કિંમત નિયમિત બળતણ કરતાં ઓછામાં ઓછી ૩૦ ટકા સસ્તી હોવી જોઈએ.

આનું કારણ એ છે કે ફ્લેક્સ-ફ્યુઅલ વાહનો સામાન્ય રીતે નિયમિત બળતણ કરતાં થોડી ઓછી માઈલેજ મેળવે છે, જે ઓછી કિંમત દ્વારા સરભર કરી શકાય છે. ઈન્ડિયન ઓઈલના અધિકારીઓ કહે છે કે તેમણે ૪૦૦ આઉટલેટો પર પાયલોટ પ્રોજેક્ટ તરીકે E100 રજૂ કર્યું હતું, પરંતુ વાહનોના અભાવે તેનું વેચાણ ૦.૫ કરતા ઓછું હતું. હવે દેશમાં ઈથેનોલ ક્રાંતિને નવો વેગ મળવાની આશા છે.

# સાહિત્યરસિકો મંત્રમુગ્ધ: સુરતમાં રંગાઈ વાચિકમની સાંજ




**કર્ટનકોલ**
**- પ્રજ્ઞા વશી**

સુરત ટેનિસ ક્લબના સભાગૃહમાં ગુજરાતી ભાષા, સાહિત્ય અને અભિવ્યક્તિની એક અનોખી અને યાદગાર સાંજનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ગુજરાતી સાહિત્યની ઉત્તમ વાર્તાઓ, અછાંદસ રચનાઓ અને ભાવવિશ્વને વાચિકમના માધ્યમથી જીવંત કરવામાં આવ્યા હતા. શબ્દ, સ્વર, પાર્શ્વ સંગીત અને સંવેદનાની આ અનોખી યાત્રાએ ઉપસ્થિત સાહિત્યરસિકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

કાર્યક્રમની શરૂઆત મનાલી કંથારિયાના અસરકારક સંવેદનશીલ વાચિકમથી થઈ. તેમણે વૈભવ દેસાઈ લિખિત વાર્તા વ્હાલ નાં ખેતરમાં આંસુઓની હેલી... 'ડેલી' ને એવી આત્મીયતા અને ભાવસભર અભિવ્યક્તિ સાથે રજૂ કરી કે શ્રોતાઓ વાર્તાના પાત્રો અને તેમની લાગણીઓ સાથે એકરૂપ થઈ ગયા. શબ્દોની સરળતા, રૂપકો અને જીવનની ઊંડી સંવેદનાઓને તેમણે અત્યંત સુંદર રીતે પ્રેક્ષકો સુધી પહોંચાડી. સૌની આંખો ભીની કરતી આ પ્રસ્તુતિ શિરમોર રહી. વૈભવ દેસાઈની કલમને સલામ.

મહારુખ ચીચગરે શૈલેન્દ્ર વડનેરે લિખિત 'સાસુમા માં સહજ હોય છે' વાર્તાનું વાચન કર્યું. સંબંધોની સૂક્ષ્મ સમજ અને ઘરેલુ જીવનના ભાવનાત્મક પાસાંને તેમણે એટલી સહજતાથી અભિવ્યક્ત કર્યા કે અનેક શ્રોતાઓ પોતાની જ જીવનયાત્રાના સંસ્મરણોમાં ખોવાઈ ગયા. પારસી બોલીમાં રજુ થયેલી આ વાર્તાએ પ્રેક્ષકોને ખુબ ખુબ હસાવ્યા અને સાથે એક સુંદર સંદેશો પણ આપ્યો.

સુરતના સાહિત્યક્ષેત્રમાં આગવું સ્થાન ધરાવતા કવયિત્રી એષા દાદાવાલાએ પોતાની સ્વરચિત અછાંદસ રચનાઓનું પઠન કર્યું. તેમની રચનાઓમાં આધુનિક માનવીની સંવેદનાઓ, આંતરિક સંઘર્ષો અને જીવનની નાજુક લાગણીઓનો સ્પર્શ હતો, જેને શ્રોતાઓએ ખૂબ આત્મીયતાથી વધાવી લીધો. તેઓ ઉત્તમ કોટીના સાહિત્યકાર તો છે જ પણ વાચિકમમાં તેમનું નવું રૂપેરી સ્વરૂપ જોવા મળ્યું.


**ગુજરાતી સાહિત્યના શબ્દોને સંવેદનશીલ સ્વર મળ્યા અને સુરત ટેનિસ ક્લબમાં વાચિકમની અવિસ્મરણીય સાંજ સર્જાઈ**

વૈભવ દેસાઈ, યશ ઉપાધ્યાય અને રંજના પટેલે સંયુક્ત રીતે ડૉ. રઈશ મનીઆર લિખિત પ્રસિદ્ધ વાર્તા 'સવા ત્રણની બસ' રજૂ કરી. વૈભવભાઈ અને રંજનાબેનની વાચિકમકારોની અભિવ્યક્તિ, સંવાદોની ગતિ અને ભાવનાત્મક ઊંડાણને કારણે વાર્તા જીવંત બની ઊઠી હતી. પ્રેક્ષકોને એવું અનુભવાતું હતું જાણે તેઓ વાર્તાની ઘટનાઓને પોતાની આંખો સામે બનતી જોઈ રહ્યા હોય. માં, દીકરો અને એક અજાણ્યા માનસ સાથેના માનવીય સંબંધોના તણાવના સાંભળી હ્રદયદ્રાવક દ્રશ્ય ઉભું થયું. વૈભવ દેસાઈનો અવાજ બિલકુલ એમને ઇચ્છેલા ભાવજગત માં લઈ જાય એ જાદુ ખુબ મજાનો સર્જાયો.

બિનીતા શાહ, વૈભવ દેસાઈ અને ધ્વની ત્રિવેદીએ ધીરુબેન પટેલની લોકપ્રિય વાર્તા 'ગોદડી' નું હ્રદયસ્પર્શી વાચન કર્યું. માનવીય લાગણીઓ, સંસ્મરણો અને સંબંધોની હૂંફને તેમણે એટલી સુંદર રીતે વ્યક્ત કરી કે સમગ્ર સભાગૃહ ભાવવિભોર બની ગયું. ગોદડીમાં સોય અને દોરો સંબંધો અને લાગણી ગૂંથે છે અને ક્યારેક એકલતા પણ.. આ વાત ખુબ હ્રદયસ્પર્શી હતી.

યશ ઉપાધ્યાયે સૌમ્ય જોશીની જાણીતી રચના 'જેઠો ભરવાડ' ને પોતાના અનોખા અંદાજમાં રજૂ કરી. ગ્રામ્ય જીવનની સુગંધ, લોકબોલીની મીઠાશ અને પાત્રોની જીવંતતા તેમના વાચિકમમાં સ્પષ્ટપણે ઝળહળી. શ્રોતાઓએ આ પ્રસ્તુતિને પેટ પકડીને હસતા હસતા ખૂબ માણી.

કેશા દેસાઈએ હિમાંશી શેલતની સંવેદનશીલ વાર્તા 'અંધારી ગલીમાં સફેદ ટપકાં' નું અત્યંત અસરકારક વાચન કર્યું. વાર્તાના ગૂઢ ભાવો અને માનસિક સ્તરોને તેમણે પોતાની અભિવ્યક્તિ દ્વારા એવી અસરકારક રીતે ઉજાગર કર્યા કે સમગ્ર સભાગૃહમાં એકાગ્રતા અને મૌન છવાઈ ગયું.

કાર્યક્રમના અંતિમ તબક્કે કૃણાલ પારેખ, ધ્વની ત્રિવેદી અને બિનીતા શાહે ચંદ્રકાંત બક્ષીની પ્રસિદ્ધ વાર્તા 'એક સાંજની મુલાકાત' નું વાચિકમ કર્યું. બક્ષીની આગવી શૈલી, વિચારપ્રેરક સંવાદો અને માનવમનની જટિલતાઓને તેમણે અસરકારક રીતે રજૂ કરી. પ્રેમ સંબંધોમાં સર્જાતી અનૈતિક ઘટનાઓ અને પત્રોની સ્થિતિ સુંદર રીતે પ્રસ્તુત થઇ. વાર્તાનો અંત ધ્રાસકો આપે એવો જાનદાર રહ્યો. આ વાર્તાએ કાર્યક્રમને યાદગાર પૂર્ણાહુતિ આપી. આ સમગ્ર કાર્યક્રમની સૌથી મોટી વિશેષતા એ રહી કે દરેક વાચિકમકારે માત્ર વાર્તાનું પઠન જ નહીં કર્યું, પરંતુ પોતાના સ્વર, અભિનયાત્મક અભિવ્યક્તિ અને ભાવસંવેદનાઓ દ્વારા વાર્તાના પાત્રોને જીવંત કરી દીધા. પરિણામે ઉપસ્થિત શ્રોતાઓ માત્ર શ્રોતા ન રહ્યા, પરંતુ દરેક વાર્તાના સહયાત્રી બની ગયા.

**માનવીય લાગણીઓ, સંસ્મરણો અને સંબંધોની હૂંફને તેમણે એટલી સુંદર રીતે વ્યક્ત કરી કે સમગ્ર સભાગૃહ ભાવવિભોર બની ગયું. ગોદડીમાં સોય અને દોરો સંબંધો અને લાગણી ગૂંથે છે અને ક્યારેક એકલતા પણ.. આ વાત ખૂબ હૃદયસ્પર્શી હતી**

ગુજરાતી ભાષા અને સાહિત્યની સમૃદ્ધ પરંપરાને નવી પેઢી સુધી પહોંચાડવાના આવા પ્રયાસો અત્યંત આવશ્યક છે. આ કાર્યક્રમે સાબિત કર્યું કે સારા શબ્દો, સંવેદનશીલ અભિવ્યક્તિ અને સાહિત્ય પ્રત્યેનો પ્રેમ આજે પણ લોકોને એટલો જ સ્પર્શે છે જેટલો વર્ષો પહેલાં સ્પર્શતો હતો.

સાહિત્ય, સંસ્કૃતિ અને અભિવ્યક્તિની આ સુંદર ઉજવણી ઉપસ્થિત સૌ માટે એક યાદગાર અનુભવ બની રહી. ગુજરાતી ભાષાની ગૌરવશાળી પરંપરાને સમર્પિત આ કાર્યક્રમના તમામ વાચિકમકારો અને ટેનીસ ક્લબના સેક્રેટરી સિ.એ. મયંક દેસાઈ, જોઈન્ટ સેક્રેટરી શ્રી કેયુર નાયક, શ્રી રવિન અસારાવાલા અને સૌ આયોજકો અભિનંદનને પાત્ર છે.

## ક્રાઈમ કોડ

અનુસંધાન પાના ત્રણનું

'બે કારણસર તેઓ મને માહિતી આપે છે. એક એમને પુષ્કર્ણાસાહેબ પર ગુસ્સો છે. બીજું, તેમના એક લફડાના મારી પાસે પુરાવા છે પણ યજ્ઞેશ શેટ્ટીને કંઈ કહેતા નહિ', પીટરે હાથ જોડ્યા.

રાઠોડે રજનીકાંત સ્ટાઈલમાં ગોગલ્સ પહેરતા ટાઢા પહોરનું ગપ્પું ઠપકાર્યું.' મને આ બધું કીધું છે એ કોઈને કહેતા પહેલાં મારી જૂની પોસ્ટિંગ હતી ને ત્યાંના બે ખબરી વિશે પૂછપરછ કરી લેજે પણ બન્ને ક્યાં છે એનાથી બધા બેખબર છે. પૂછ કેમ?'

'ક... ક... કેમ?'

'કારણ કે બહુ વાયડા થતા હતા ને મને નડતા હતા... જયદીપ રાઠોડને નડતા'તા... '

જમણા હાથથી મૂછ પર હાથ ફેરવતા રાઠોડ બહાર નીકળ્યા ને ઊંધા પગે દરવાજાને લાત મારી.

વિનોદ રીપોર્ટરને આરામથી ઊઠવાની ને મોડે સુધી છાપા ન જોવાની આદત. પહેલી ગરમ ને મસાલેદાર ચાનો ઘૂંટ ભરે એ અગાઉ મોબાઈલ 'મૈં હું ડોન, મૈં હું ડોન..' ચીખવા માંડ્યો. ફેવરિટ રિંગ ટોનથી ખુશ થવાને બદલે સાયલંટ મોડ પર મૂકવા ફોન ઉપાડ્યો તો કોલરનું નામ જોઈને આશ્ચર્ય થયું: આજે સામેથી ફોન? ને એ પણ સવાર સવારમાં?

વિનોદે વધુ પડતાં વિવેક અને મીઠાશથી શરૂઆત કરી. 'ગુડ મોર્નિંગ સાયબ'.

'મારી સવાર તારે લીધે બગડી ને પાછો..'

'હમજાયું નય મને..'

'એ જ તો પ્રોબ્લેમ છે તારો. આજથી તું છુટ્ટો.. તને એનું કારણ પણ નહિ સમજાય. એટલે છેલ્લી મદદ કરી દઉં. આપણું અને ખાસ તારું નાક કાપનારું 'આહવાની હવા' જોઈ લેજે ઈડિયટ'.

વિનોદ જવાબ આપે એ અગાઉ અખબારના માલિકના જમણા હાથ ગણાતા એકાઉન્ટન્ટે ફોન મૂકી દીધો. લાંબા સમય બાદ 'આહવાની હવા'ની નકલ હાથમાં લીધી ને આંખ પહોળી થઈ ગઈ. તેણે તરત જ ખબરી પીટરને ફોન લગાવ્યો પણ બેલ વાગતી જ રહી.

વઘઈમાં ફરજ બજાવતા ઈન્સ્પેક્ટર નીરવ ત્રિવેદી મોબાઈલ ફોનની બેલની પરવા કર્યા વગર ચેકપોસ્ટ પાસે ગયા. ત્યાં ફરજ બજાવતા સબ-ઈન્સ્પેક્ટરને હળવેકથી સૂચના આપી કે હું અહીં ઊભો રહું છું, તમે ફટાફટ નાસ્તો પતાવો. ચા પીધા બાદ હળવા થવા જવાની રાહ જોતા સબ-ઈન્સ્પેક્ટર ઉતાવળે પગલે ભાગ્યા.

એક પછી એક આગંતુકને ઓળખપત્ર ચકાસ્યા બાદ નોંધણી કરીને ડાંગમાં પ્રવેશ મળતો હતો. લાઈનમાં પાછળથી બબડાટ સંભળાવા માંડ્યા.

'યે ક્યા ફાલતુગીરી હય સુબહ સુબહ?'

'મામુ લોગો કા તોડપાની કરને કા ગેમ હય રે યે સબ... આગે ચલ કે પચાસ કા દો નોટ ભીખ મેં દેતે હય.. કુત્તે કી માફિક સલામ ઠોકેંગે સા.. હરા..'

શબ્દ પૂરો થાય એ અગાઉ મજીદના ગાલ પર એક તમાચો પડ્યો. એ જોઈને ચંદુએ પણ પોતાનો ગાલ પંપાળી લીધો. ઈન્સ્પેક્ટર નીરવ ત્રિવેદી બન્નેને કોલરથી પકડીને ખેંચવા માડ્યા.'ચાલો તમને જલ્દી ફ્રી કરી દઉં... હવાલદાર સૌથી પહેલા આ સાહેબને જવા દો.. એમના નામ, સરનામા ને મોબાઈલ નંબર લખો...પછી ચા-નાસ્તો કરાવો.'

મજીદ અને ચંદુને હવાલદાર સામે ઊભા રાખીને પતરાની ખુરશી ખેંચીને ત્રિવેદી બેસી ગયા. પહેલા ચંદુને વિગતો લખાવી ને આધારકાર્ડ બતાવ્યું. પછી મજીદ બોલવા માંડ્યો. સરનામું નોંધાવતી વખતે એના મોઢામાંથી 'પડઘા' શબ્દ નીકળ્યો એ સાથે નીરવના કાન સરવા થયા. તેઓ ઊભા થયા,' હવાલદાર. આમ તો વાર લાગે... મજીદ તારું આધારકાર્ડ આપ... એ જોઈ લઉં એટલે તમે ફ્રી ને હું પણ...'

નીરવ ત્રિવેદીએ આધારકાર્ડ ચેક કર્યું ને મજીદને પગથી માથા સુધી જોયો. 'બધું બરાબર છે... ક્યાં જવું છે તમારે?'

ચંદુ ધીમા અવાજે બોલ્યો, 'આહવા'

મજીદે કટાક્ષમાં પૂછ્યું,' જઈ શકીએ ને સર? અમારુ ડોક્યુમેન્ટરી ફિલ્મનું યુનિટ રાહ જુએ છે.'

નીરવ ત્રિવેદીએ મજીદ સામે જોયું. હસીને બોલ્યા, 'અફકોર્સ. પણ અહીંથી કદાચ વાહન જલ્દી ન મળે. મારે ય આહવા જવું છે. સાથે આવી જાઓ. થોડી અમારી ઈમેજ સુધરી જશે ને તમારી ફિલ્મની વાતો પણ કરીશું. બસ, એક અર્જન્ટ ફોન પતાવું પછી નીકળીએ'.

બન્ને પર નજર રહે એ રીતે નીરવ ત્રિવેદીએ પુષ્કર્ણાને ફોન લગાવ્યો.' સર, વઘઈ ચેકપોસ્ટ પર પડઘાના એક યુવાનને એના સાથી સાથે અટકમાં લીધા છે. બન્નેને જીપમાં હેડ ક્વાર્ટર લાવું છું.' ત્યાર પછી નીરવે ઘણી વાતો કરી. તેમણે ફોન મૂકતાવેંત પુષ્કર્ણાએ તાત્કાલિક વઘઈથી નીકળનારી જીપની ડિટેઇલ્સ મોકલીને આદેશ આપ્યો કે જીપની આગળ-પાછળ બેબે પોલીસ વાન રાખો આર્મ્ડ ઓફિસર સાથે. પોલીસતંત્રમાં સોપો પડી ગયો.

હવે ડાંગ દરબારની સમાંતરે નવો, મોટો, રોમાંચક ને જીવલેણ તમાશો આરંભાઈ ચૂક્યો હતો. (ક્રમશ:)

## અબીલ ગુલાલ

અનુસંધાન પાના ત્રણનું

આવા સ્ટેન્ડ અપ કૉમેડી શૉને મંચ કોણ પૂરો પાડે છે? ! આ પ્રકારના શૉમાં પાછળ એચ લખેલું હોય છે. તે હેબિટેટ સ્ટુડિયોનો લૉગો છે. આ હેબિટેટ સ્ટુડિયોના સ્વામી બલરાજસિંહ ઘાઈ છે. તેમની સામે કોઈ પગલાં લેવાતાં નથી.


ગુજરાતીમાંય આ દૂષણ આવી ચૂક્યું છે. 'લવારી'માં કૉમેડીના નામે ખરેખર લવારી થાય છે. પ્રિન્સી પારેખના એપિસૉડમાં સમય રૈનાના શૉમાં મહીપ સિંહ ઘણા પ્રતિસ્પર્ધીને તેમની માતાના સંદર્ભમાં અભદ્ર ટિપ્પણી કરતા હતા. એક મુસ્લિમ સ્પર્ધકને તો એવું કહ્યું જે અહીં લખી શકાય તેમ નથી, તોય કોઈ ઊહાપોહ નહીં. સમય રૈના અને રણવીર અલાહાબાદિયા સામે થયો હતો, તે શમી ગયો છે. મહીપસિંહ જેવી જ ટિપ્પણી પ્રિન્સી પારેખના એપિસૉડમાં કરવામાં આવી અને બધાએ તેના પર 'વો વાલા' હંસા. મનન દેસાઈએ સંદર્ભ પણ આપ્યો કે મહીપસિંહ જેવી ટિપ્પણી થઈ ગઈ. અતિથિ પ્રિન્સી પણ આના પર હસે છે ! વિચાર કરો, આ લેવલની વિકૃતિ આવી ગઈ છે કે પોતાની માતાના ચારિત્ર્ય પર ટિપ્પણી (તેને જૉક ન જ કહી શકાય) થાય અને ભાગ લેનાર વ્યક્તિ તે સાંભળી લે.

શાહરૂખ ખાને 'કૌન બનેગા કરોડપતિ'ના જે એપિસૉડ કર્યા હતા તેમાં અમિતાભ જે શાલીનતા દર્શાવતા તેનાથી વિરુદ્ધ નિયમ હતો કે કોઈ સ્પર્ધકે રમત છોડવી હોય તો શાહરૂખને ભેટીને જવાનું. એક પ્રાધ્યાપિકાએ સ્પષ્ટ ના પાડી દીધી હતી. છેવટે શાહરૂખ તેની માતાને ભેટ્યો પણ વિકૃતિ દાખવીને રહ્યો. વિકૃતિ એટલા માટે કે એક વ્યક્તિને આવી અ-ભારતીય ચેષ્ટા પસંદ નથી તો તે નહીં, તો તેની માતા સાથે શું કામ એવી ચેષ્ટા કરવી જોઈએ?

સમાજમાંય વિકૃતિ વધતી જાય છે. કર્ણાટકના બીદર ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેડિકલ સાયન્સીઝ એ સરકારી હૉસ્પિટલમાં એક એટેન્ડન્ટ મુનીર અહમદે શબગૃહમાં મૃત મહિલાઓની નગ્ન તસવીરો ખેંચી અને સૉશિયલ મીડિયા પર અપલૉડ કરી. વિચારો, કેવી વિકૃતિ! પોતે તો વિકૃત અને સાથે સમાજમાંય વિકૃતિ ફેલાવે.

દુ:ખની વાત એ છે કે આવા લોકો સામે ન સમાજ બહિષ્કારનું શસ્ત્ર ઉગામે છે, ન કાયદો કોઈ કડક પગલાં લે છે. આજે રણવીર અલાહાબાદિયા અને સમય રૈના ફરીથી તેમના વિડિયો અપલૉડ કરી રહ્યા છે.

## કાકુરો



» અહીં ૮x૯ના ખાનાવાળા ચોરસ આપેલ છે.

» ચોરસના અમુક ખાનામાં ત્રિકોણમાં અંક દર્શાવ્યા છે.

» બાકીનાં ખાલી ખાનામાં ૧ થી ૯ નો અંક આવી રીતે લખવો જેનો સરવાળો ત્રિકોણમાં આપેલ અંક જેટલો થવો જોઇએ.

» કોઇ પણ અંકનો બીજી વખત ઉપયોગ કરવો નહિ (એક જ સંખ્યામાં)

→ આડી લાઇન

↓ ઊભી લાઇન

### કાકુરો- નો ઉકેલ

